# પ્રેસ નોટ

## ગીરમાં રાખોડી ચિલોત્રાનું પુનઃસ્થાપન અને સેટેલાઈટ ટેલિમેટ્રી દ્વારા અભ્યાસ

ભારતમાં જોવા મળતી કુલ પક્ષીઓની પ્રજાતિઓમાંથી લગભગ 45% (~609 પક્ષીઓની પ્રજાતિઓ) ગુજરાતમાં જોવા મળે છે. ગીર એ ગુજરાતનાં 19 'મહત્વના પક્ષી વિસ્તારો' (IBAs) પૈકીનું એક છે, અને તેના વૈવિધ્યસભર વિસ્તારો 300 થી વધુ પ્રજાતિઓના પક્ષીઓને આશ્રય આપે છે. વૈશ્વિક સ્તરે હોર્નબિલ્સ (ચિલોત્રા)ની 62 પ્રજાતિઓમાંથી, લગભગ 48% પ્રજાતિઓ ભયગ્રસ્ત છે. ભારતીય ઉપખંડમાં ચિલોત્રાની દસ પ્રજાતિઓ જોવા મળે છે. ગુજરાતમાં ચિલોત્રાની માત્ર એક જ પ્રજાતિ 'રાખોડી ચિલોત્રો' જોવા મળે છે. ઐતિહાસિક નોંધ મુજબ, તે ગીરની અસામાન્ય પ્રજાતિ ન હતી, અને ખાસ કરીને શિયાળાના મહિનાઓમાં પુષ્કળ પ્રમાણમાં જોવા મળતા હતા. ગીરમાં, રાખોડી ચિલોત્રાની હાજરી 1936 સુધી નોંધવામાં આવી હતી, અને તે પછી, ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં તેમની હાજરીની છૂટીછવાઈ અને દુર્લભ નોંધ જોવા મળે છે. ખ્યાતનામ પક્ષીવિદ્ સ્વ. આર. એસ. ધર્મકુમારસિંહજીએ ગીરમાં રાખોડી ચિલોત્રાને પુનઃસ્થાપિત કરવાનું સૂચન કર્યું હતું, કારણ કે આ પક્ષી જંગલ પરિસરતંત્રમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ગુજરાત વન વિભાગ દ્વારા સક્ષમ સત્તાધિકારીઓની પૂર્વ પરવાનગી સાથે રાખોડી ચિલોત્રાને ગીરમાં પુનઃસ્થાપિત કરવાનું એક અનોખું પગલું શરૂ કરવામાં આવ્યું છે, જે ગીરમાં તેની વસ્તી પાછી લાવવામાં મદદરૂપ બની શકે છે. આ પ્રોજેક્ટ હેઠળ, અનુભવી પક્ષી પકડનારા અને વિષય નિષ્ણાતોની મદદથી ગુજરાત રાજ્યના રાખોડી ચિલોત્રાના જાણીતા વસવાટ સ્થળો પરથી નવ પક્ષીને પકડવામાં આવ્યા છે. ગીરમાં 28 ઓક્ટોબર અને 27 ડિસેમ્બર 2021ના રોજ, અનુક્રમે 5 અને 4 પક્ષીઓની એમ કૂલ બે બેચમા સફળતાપૂર્વક છોડવામાં આવ્યા છે. આ પક્ષીઓને છોડતા પહેલા, બે નર પક્ષીઓને સૌર ઉર્જાથી ચાલતા સેટેલાઇટ ટેગ લગાડવામાં આવ્યા છે. ગીર હાઇ-ટેક મોનિટરિંગ યુનિટ, સાસણ-ગીર દ્વારા ટ્રાન્સમિટર્સમાંથી મેળવેલા ડેટાની મદદથી આ પક્ષીઓનું નિયમિતપણે નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ગીરમાં છોડવામાં આવેલા રાખોડી ચિલોત્રા સામાન્ય વર્તણૂક કરતાં જોવા મળી રહ્યાં છે.


પ્રથમ બે બેચમાં પક્ષીઓને છોડ્યાની સફળતા પછી, 24 ફેબ્રુઆરી 2022ના રોજ 11 પક્ષીઓની ત્રીજી એક બેચને છોડવામાં આવી છે. આ 11 પક્ષીઓમાંથી બે નર પક્ષીઓને સૌર ઉર્જાથી ચાલતા સેટેલાઇટ ટ્રાન્સમિટર લગાડવામાં આવ્યા છે. ભારતના જાણીતા પક્ષીવિદ સ્વ.લવકુમાર ખાચરની સ્મૃતિમાં એક ટેગ કરેલા નર પક્ષીનું નામ 'LK' રાખવામાં આવ્યું છે, કારણ કે તેમના જન્મદિવસ 24 ફેબ્રુઆરીના દિવસે જ આ પક્ષીને છોડવામાં આવ્યા છે. આ ઉપરાંત, અગાઉ જેમણે ગીરમાં આ પક્ષીના પુનઃસ્થાપન કરવા સૂચવ્યું હતું તેવા રાઓલ શ્રી ધર્મકુમારસિંહજીની સ્મૃતિમાં, અન્ય એક ટેગ કરેલા નર પક્ષીનું નામ 'RSD' રાખવામાં આવ્યું છે. તદુપરાંત, આ 11 પક્ષીઓને તેમના ડાબા પગમાં રંગીન વીંટીઓ

જેવી રિંગ દ્વારા પણ ચિહ્નિત કરવામાં આવ્યા છે, જે ભવિષ્યમાં તેમને ઓળખવામાં મદદ કરશે. આ ઉપરાંત આ પક્ષીઓના પરિવહન અને ટેગિંગકાર્ય તથા સમગ્ર પ્રક્રિયા દરમિયાન યોગ્ય પદ્ધતિ, સલામતીના પગલાં અને કાળજી લેવામાં આવી છે. આ કાર્ય ગીરમાં એક મહત્વપૂર્ણ પક્ષીની પ્રજાતિ તેવા રાખોડી ચિલોત્રાને ઘણા દાયકાઓ પછી પુનઃસ્થાપિત કરવામાં મદદરૂપ થશે. સેટેલાઇટ ટેગીંગથી તેમની વર્તણૂક અને જે-તે વિસ્તારમાં તેમની ગતિવિધિ સમજવામાં મદદ મળી રહેશે. આ કાર્યથી અતિમહત્વની વૈજ્ઞાનિક માહિતી મળશે, જે ગીરમાં રાખોડી ચિલોત્રાના સંરક્ષણ માટે આધારભૂત રહેશે.

આ સમગ્ર કાર્ય શ્રી શ્યામલ ટીકાદર, અગ્ર મુખ્ય વનસંરક્ષક (વન્યજીવ) અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન, ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવેલ નિર્દેશ અને માર્ગદર્શન મુજબ, અને શ્રી ડી. ટી. વસાવડા, મુખ્ય વનસંરક્ષક, વાઇલ્ડલાઇફ સર્કલ જૂનાગઢ તેમજ ડૉ. મોહન રામ, નાયબ વનસંરક્ષક, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીરની દેખરેખ હેઠળ અને સક્કરબાગ ઝૂના નિયામક શ્રી સાથે સંકલનમાં રહીને કરવામાં આવેલ. શ્રી પી. પુરૂષોથમા, નાયબ વનસંરક્ષક, અરવલી અને તેમની ટીમ દ્વારા આ કાર્ય માટે સ્થાનીક સહયોગ કરવામાં આવ્યો હતો. ધી કોર્બેટ ફાઉન્ડેશનના ડો. દેવેશ ગઢવી, જેઓ એક જાણીતા પક્ષીવિદ્ છે અને ટેગિંગના કામનો પૂર્વ અનુભવ પણ ધરાવે છે, અને તેમની ટીમના સભ્યોએ પણ નિષ્ણાત તરીકે કાર્ય કર્યું હતું. વન્યજીવ વિભાગ, સાસણ-ગીરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર, ફોરેસ્ટર, અનુભવી પશુચિકિત્સકો અને સ્થાનિક ફિલ્ડ સ્ટાફે પણ આ કાર્યમાં ભાગ લીધો હતો. આ કાર્ય દરમિયાન દસ્તાવેજીકરણ અને અન્ય જરૂરી કાર્ય શ્રી કરશન વાળા અને શ્રી લહર ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ વન્યજીવ વિભાગ, સાસણ-ગીર માટે કાર્ય કરી રહ્યા છે.

**ડો. મોહન રામ (ભા.વ.સે.)**
નાયબ વન સંરક્ષક
વન્યજીવન વિભાગ, સાસણ-ગીર
જૂનાગઢ, ગુજરાત (ભારત)































*****